ક્રમાંક: ઘ/માધ્ય/અનદ-૧/૨૦૨૨/૫૨૭૮

Email

**કમિશનર શાળાઓની કચેરી**
બ્લોક નં. ૯/૧, ડૉ. જે.એમ.
ભવન,ગુ.રા., ગાંધીનગર, ૩૮૨૦૧૦.
ફોન નં. ૦૭૯-૨૩૨૫૪૦૧૧
તા.૨૪/૦૩/૨૦૨૨

**પ્રતિ,**

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

તમામ.

**વિષય:** સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં પ્રવાસી શિક્ષકોનું માર્ચ ૨૦૨૨નું મહેતાનણું ચુકવવા બાબત.

**સંદર્ભ:** ૧) શિક્ષણ વિભાગ ના ઠરાવ ક્રમાંકઃબમશ/૧૦૧૪/૧૪૦/ઘ તા.૨૧-૧૨-૧૫
૨) શિક્ષણ વિભાગ ના ઠરાવ ક્રમાંકઃબમશ/૧૦૧૪/૧૪૦/ઘ તા.૨૦-૧૨-૨૧

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં નિયમિત શિક્ષકોની ભરતી થાય ત્યાં સુધી જિલ્લા કક્ષાએથી, મંજુર જગ્યાઓ સામે ખાલી જગ્યાના પ્રમાણમાં પ્રવાસી શિક્ષકની તાસ દીઠ માનદ વેતનથી સેવા લઈ વિદ્યાર્થીઓનું શૈક્ષણીક કાર્ય સુચારૂ રીતે ચાલે તે હેતુસર શિક્ષણ વિભાગના તા.૨૧/૧૨/૧૫ના ઠરાવ અને તેમાં થયેલ વખતો વખતના સુધારાથી પ્રવાસી શિક્ષક યોજના અમલી કરેલ છે. જે શિક્ષણ વિભાગના સંદર્ભ-૨માં જણાવેલ ઠરાવથી આ યોજના વર્ષ ૨૦૨૧-૨૨નું શૈક્ષણિક વર્ષ પુરું થાય ત્યાં સુધી લંબાવવામાં આવેલ છે અને તે સબબ વર્ષ ૨૦૨૧-૨૨ની ગ્રાન્ટ સદર કચેરી દ્વારા આપના હવાલે મુકવામાં આવેલ છે.

ઉપરોકત વિગતે આપના જિલ્લામાં કાર્યરત પ્રવાસી શિક્ષકોના માર્ચ-૨૦૨૨ સુધીના સમયગાળાના તાસ દીઠ માનદ વેતનના બીલોની ગ્રાન્ટ ૩૧/૩/૨૦૨૨ સુધી સંબધિત તિજોરીમાંથી ઉગવવા અને ત્યારબાદ આનુસંગીક રીતે તેનું ચુકવણું કરવા અંગેની નિયમઅનુસાર કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

**સંયુકત શિક્ષણ નિયામક**
(માધ્યમિક)
ગુ.રા.,ગાંધીનગર

1c:\Users\user\Downloads\ક્રમાંક1.docx